ફોજદારી કેસ નં. ૧૮૯૬/૨૦૨૫

| | | |
|---|---|---|
| | આવ્યા તારીખ | ૩૦–૦૮–૨૦૨૫ |
| | દાખલ તારીખ | ૩૦–૦૮–૨૦૨૫ |
| | ફેસલ તારીખ<br>સમય ગાળો | ૦૨–૦૭–૨૦૨૬<br>વર્ષ–૦૦,માસ–૧૦, દિવસ–૦૩ |

---

**ખંભાળીયાના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખંભાળીયા.**

---

**ફોજદારી કેસ નં. ૧૮૯૬/૨૦૨૫**

**FORM-A**

| એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન. | | |
|---|---|---|
| પોલીસ સ્ટેશન | – | ખંભાળીયા પોલીસ સ્ટેશન |
| ગુનો | – | બી.એન.એસની કલમ :– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત | – | બી.એન.એસની કલમ :– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ |
| ફરિયાદી | – | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | – | શ્રી એમ.એલ.ગૌસ્વામી |
| આરોપી | – | મજબુતસિંહ જસુભા જાડેજા વિ. ૨... |
| આરોપી તરફે વિ.વ.શ્રી | – | શ્રી આર.એ.મુદ્રા |

**FORM-B**

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | – | ૨૩–૦૬–૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | – | ૨૪–૦૬–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | – | ૩૦–૦૮–૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ | – | ૧૯–૦૧–૨૦૨૬ |
| ચુકાદા તારીખ | – | **૦૨–૦૭–૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મજબુતસિંહ જસુભા જાડેજા વિ. ૨... | – | – | બી.એન.એસ ની કલમ :–૧૧ ૫(૨), ૩૫૨, ૩૫૧ (૨) તથા જી.પી. એકટની કલમ– ૧ ૩૫(૧) મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

**FORM-C**

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

**(એ) ફરિયાદપક્ષ તરફે**

### : ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :

| અ.નં | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | સતીષકુમાર દામારામ ભારદવાજ | ૦૯ | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૨. | મામદભાઈ જુમાભાઈ સમા | ૧૧ | પંચ સાહેદ |
| ૩. | રાજેશભાઈ લાખાભાઈ પરમાર | ૧૩ | ફરીયાદ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | સ્થાનીક જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૨. | મુદામાલ રીકવરી પંચનામું | ૧૨ |
| ૩. | ફરીયાદ | ૧૪ |
| ૪. | ઈન્જરી સર્ટી | ૧૫ |

**<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–</u>**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| **અ.નં** | **વર્ણન** | **ભૌતીક પદાર્થની સંખ્યા** |
|---|---|---|
| **૧** | **મુદામાલ પાવતી નં. ૧૦૫/૨૦૨૫, તા. ૨૧–૦૭–૨૦૨૫ માં દર્શાવ્યા પ્રમાણે** | **–** |

## –: જજમેન્ટ :–

(૧) ***<u>ફરીયાદપક્ષના કેસની હકીકત</u>*** :–

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગત

તા. ૨૩–૦૬–૨૦૨૫ના રોજ કલાક ૧૯:૩૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીને પગમાં ટ્રકની ટામી વડે ઘા મારી મુંઢ ઈજા પહોંચાડી તથા સાહેદ ભોજાભાઈ પુંજાભાઈ તથા વિજયભાઈ દેવાભાઈ, દેવશીભાઈ નારણભાઈને ભેગા મળી એક સંપ કરી અને મન થાય તેવી ભુંડી ગાળો બોલી તથા મુંઢ માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય ન્યાય સંહીતાની કલમ :–૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો સદર અદાલતની હકુમતમાં આચરેલ હોવાની ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસ દ્વારા આરોપીઓની અટક કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર દ્વારા સદર ગુનાના કામે અન્વેષણ પુર્ણ થતા આરોપીઓ વિરૂધ્ધ હકુમત ધરાવતી અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ***<u>કોર્ટની ઈન્સાફી કાર્યવાહી (ચાર્જ તથા પ્લી)</u>*** :–

સદર ગુનાના કામે આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ વિરૂધ્ધ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલા આરોપીઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૫ થી** તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપીઓએ **આંક–૦૬** તથા **આંક–૦૭ દ્વારા** આપેલ નિવેદનમાં આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ. સબબ આરોપીઓ વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ***<u>ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા</u>*** :–

ત્યારબાદ આરોપીઓ સામેના ગુનાનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ દ્વારા નીચે મુજબના **મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ** રજુ કરવામાં આવેલાં છે : –

***–:: મૌખિક પુરાવો ::–***

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ સતીષકુમાર દામારામ ભારદવાજની જુબાની. | ૦૯ |

| | | |
|---|---|---|
| ૨. | પંચ સાહેદ મામદભાઈ જુમાભાઈ સમાની જુબાની. | ૧૧ |
| ૩. | ફરીયાદી રાજેશભાઈ લાખાભાઈ પરમારની જુબાની. | ૧૩ |

**-: દસ્તાવેજી પુરાવો ::-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનીક જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૨. | મુદામાલ રીકવરી પંચનામું | ૧૨ |
| ૩. | ફરીયાદ | ૧૪ |
| ૪. | ઈન્જરી સર્ટી | ૧૫ |

ફરીયાદપક્ષ ધ્વારા ઉપર જણાવ્યા સિવાયનો અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા **આંક-૧૬ થી કલોઝીંગ પુરશીશ** રજુ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ **ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૩૫૧** અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, ''અમો નિર્દોષ છીએ છોડી મુકવા અરજ છે.'' આરોપીઓનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ બંને પક્ષો ધ્વારા કરવામાં આવેલ મૌખીક દલીલ વિગતે સાંભળવામાં આવેલ છે.

(૪) ઉપર જણાવેલ રેકર્ડ પરના પુરાવા અને કાનુની જોગવાઈ પરીપ્રેક્ષ્યમાં સદર કેસનો **ન્યાયિક અંત આણવા માટે મારી સમક્ષ નીચેના મુદ્દા** ઉપસ્થીત થાય છે :-

**-:: મુદ્દા ::-**

***<u>મુદ્દા નં. (૧)</u> :-***

શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ ગત તા. ૨૩-૦૬-૨૦૨૫ના રોજ કલાક ૧૯:૩૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીને પગમાં ટ્રકની ટામી વડે ઘા મારી મુંઢ ઈજા પહોંચાડી તથા સાહેદ ભોજાભાઈ પુંજાભાઈ તથા વિજયભાઈ દેવાભાઈ, દેવશીભાઈ નારણભાઈને ભેગા મળી એક સંપ કરી અને મન થાય તેવી ભુંડી ગાળો બોલી તથા મુંઢ માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય ન્યાય સંહીતાની કલમ :-૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨

તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો સદર અદાલતની હકુમતમાં આચરેલ છે ?

***મુદ્દા નં. (૨)* :–**

શું હુકમ ?

(૫) ઉપરોકત **મુદ્દાઓ માટેના મારા નિર્ણયો અને નિર્ણય માટેના કારણો** નીચે મુજબછે :–

(૧) **નકારમાં.**

(૨) **આખરી હુકમ મુજબ.**

(૬) **ઉપરોકત નિર્ણય માટેના કારણો અને રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન :–**

(૬.૧) **મુદ્દા નં. ૧ :–**

સદર કામે બંને પક્ષોના વિ.વ.શ્રી.ઓએ **રેકર્ડ જોઈ યોગ્ય તે ન્યાયી હુકમ કરવા માટે અરજ ગુજારેલ છે.**

(૬.૨) વધુમાં સદર કામે આગળ વધતા પહેલા તેમજ રેકર્ડ પર તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા સદર અદાલત **બી.એન.એસની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) ના** તત્વોને વંચાણે લેવાનું ઉચ્ચીત સમજે છે. જે નીચે મુજબ છે :–

***કલમ–૧૧૫(૨) :–***

*ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૧૫(૨) મુજબનો સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.*

*૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.*

*૨. આવું કૃત્ય આરોપીએ ઈરાદા કે જ્ઞાન સાથે સ્વેચ્છાપૂર્વક કરેલ છે.*

***કલમ–૩૫૨ :–***

*ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૫૨ મુજબનો સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.*

*૧. આરોપીએ ઈરાદાપૂર્વક કોઈનું અપમાન કર્યુ.*

*૨. તેમ કરી આરોપી તેને ઉશ્કેરવા માગતી હતી.*

*૩. આરોપી જાણતી હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.*

***કલમ–૩૫૧(૩) :–***

*ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૫૧(૩) મુજબનો ગુન્હાહીત ધમકીના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા*

*ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.*

*૧. આરોપીએ ફરીયાદીને ધમકી આપેલી.*

*૨. તે ધમકી મૃત્યુ નિપજાવવાની હતી.*

*૩. આવી ધમકી તેણે કરવાના કાયદેસરના કાર્યને ન કરવા કે કાર્યલોપ માટે આપવામાં આવેલ હતી.*

**(૬.૩)** ઉપરોકત ટાંકેલ કાનુની જોગવાઈઓના ઉજાસમાં જો સદર કામે રેકર્ડ પર આવેલ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષ ધ્વારા આંક–૦૯થી પંચ સાહેદ સતીષકુમારા દામારામ ભારધ્વાજ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને આંક–૧૦ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. તે જ રીતે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૧૧ થી પં ચ સાહેદ મામદભાઈ જુમાભાઈ સમા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને આં ક–૧૨ થી મુદામાલ રીકવરી પંચનામું રજુ થયેલ છે. ઉપરોકત બંને પં ચ સાહેદોએ પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી જેથી વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ થયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા સદર પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને લ ેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાની થકી આ કામે રજુ થયેલ પંચનામાની વિગતો રેકર્ડ પર નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૬.૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૩ થી આ કામના ફરીયાદી રાજેશભાઈ લાખાભાઈ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા. ૨૪–૦૬–૨૦૨૫ના રોજ ખંભાળીયા જામનગર રોડ ઉપર આવેલ નાયર કંપનીના સીલીંગ પોઈન્ટ ઉપર બપોર પછીના સમયે બનેલો. બનાવ વખતે મારે આ કામના આરોપીઓ સાથે ટેન્કર સીલીંગ પોઈન્ટ પર લઈ જવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. જેના આવેશમાં મે હાલની ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવાવમાં આવે છે. જેમા મારી સહી છે. જે ઓળખી બતાવું છું અને રજુ કરુ છું. જે રજુ દા.આ. ૧૪ આપવામાં આવ છે. આરોપીઓએ મને ઢીકા પાટુનો માર મારી તેમજ ટ્રકની ટોમી વડે માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. હું આરોપીઓને જોયેથી ઓળખું છું. જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. તેઓ જ છે.''

જયારે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત

જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલ અને ઘણા માણસો હોય તેઓ શું બોલતા હતા તેની ખબર નથી. એ વાત ખરી છે કે, કોઈ આરોપીએ અમોને ગાળાગાળી કરી હોઈ હથીયારથી કે અન્ય રીતે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, તે વખતે બોલાચાલી થતા ઘણા બધા લોકો ભેગા થઈ જવાથી ધકકામુકી થવાથી હું પડી ગયેલ અને મને સામાન્ય ઈજાઓ થયેલી. એ વાત ખીર છે કે, અમારે આ કેસ આગળ ચલાવવો નથી કે કોઈ આરોપીને સજા કરાવવી નથી અને આ કેસ આજરોજ પુરો કરવો છે.''

આમ, રેકર્ડ પર આવેલ સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી જેથી વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ થયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને લ ેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની થકી બનાવવાળા દિવસે આ કામના આરોપીઓએ ફરીયાદીની ફરીયાદ મુજબનો કોઈ આક્ષેપીત ગુનો આચરેલ હોય તેવી કોઈ હકિકત રેકર્ડ પર પુરવાર થતી નથી.

(૬.૪) વધુમાં અત્રે એ નોંધનીય છે કે, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક-૧૫ થી ઈન્જરી સર્ટી રજુ કરવામાં આવેલ છે. જેને આંકે પાડવા સામે આરોપી પક્ષ ધ્વારા વાં ધો લીધેલ ન હોય તેથી સદરહુ દસ્તાવેજને પુરાવામાં સામેલ કરવામાં આવેલ છે, પરંતુ જયારે આ કામે ફરીયાદ પોતે જ પોતાની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય અને વિમુખ જાહેર થતા હોય ત્યારે સદરહુ દસ્તાવેજો પર આધાર રાખી આ કામના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, સમગ્રપણે રેકર્ડ પર આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો એ હકીકત પરત્વે શંકા ઉપસ્થીત થાય છે કે, શું આ કામના આરોપીઓએ જ ફરીયાદીની ફરીયાદ મુજબનો ગુનો આચરેલ હતો કે કેમ?

(૭) આમ, સમગ્રપણે ઉપરોકત કરેલ પુરાવાની ચર્ચા અને છણાવટના અંતે સદર અદાલતનું માનવું છે કે, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાના તત્વો સાબીત કરવામાં સંપુર્ણ પણે નિષ્ફળ ગયેલ છે. જેથી મુદા નં.૧ નો જવાબ સદર અદાલત ધ્વારા

''**નકારમાં**'' આપવામાં આવે છે તથા મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: <u>આ ખ રી  હુ ક મ</u> : :-**

૧. આ કામના આરોપી (૧) મજબુતસિંહ જસુભા જાડેજા, રહે. નાઘેડી ગામ તા. જી. જામનગર, (૨) હરદેવસિંહ પ્રધ્યુમનસિંહ જાડેજા, રહે. ઝાંખરગામ તા. લાલપુર જી. જામનગર, (૩) ભાવેશભાઈ દિનેશભાઈ ચુળીચા, રહે. ઝાંખરગામ તા. લાલપુર જી. જામનગર **વાળાનાઓને બી.એન.એસ.એસની કલમ-<u>૨૭૧(૧)</u> અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ**-૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ-૧ ૩૫(૧) મુજબ ના ગુનાઓ સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતીમાં જણાવેલ બિન કિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. **બી.એન.એસ.એસની** કલમની કલમ: ૪૮૧ **અન્વયે આરોપીએ અપીલ અદાલત સમક્ષ હાજર થવા સારૂ રૂા.૫,૦૦૦/- ના જામીન** અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા. ૦૨ જી માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૨-૦૭-૨૦૨૬

**(કમલેશ ચેતનકુમાર મંઘાણી)**

ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ખંભાળીયા

જજ કોડ નં. જીજે ૦૦૮૨૩.

ગુજ. સ્ટેનો એ.કે.ત્રિવેદી